**અખબારી યાદી**

1. માનનીય સર્વોચ્ચ અદાલતે (જેના માટે હવે પછી 'અદાલત' શબ્દ વપરાશે) સુબ્રત ભટ્ટાચાર્ય વિરુદ્ધ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઇન્ડિયા (કેસ નં. 13301/2015) તથા અન્ય સંબંધિત મામલાઓ બાબતે 2 ફેબ્રુઆરી, 2016ના રોજ આદેશ બહાર પાડ્યો છે. આ આદેશ દ્વારા સેબીને ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ માનનીય શ્રી જસ્ટિસ આર.એમ. લોઢાના અધ્યક્ષપદ હેઠળ એક સમિતિની રચના કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. પીએસીએલ લિમિટેડ (જેના માટે હવે 'પીએસીએલ' અથવા 'કંપની' શબ્દ વપરાશે)માં નાણાં રોકી ચૂકેલા રોકાણકારોને કંપનીની જમીનનો નિકાલ લાવીને તેમની રકમ પાછી વાળી શકાય એ હેતુથી આ સમિતિ રચવાનો આદેશ આપવામાં આવ્યો હતો.
2. સેબીએ પીએસીએલની મિલકતોનું વેચાણ કરીને તેમાંથી મળનારી રકમનો ઉપયોગ પીએસીએલમાં રોકાણ કરી ચૂકેલા રોકાણકારોને નાણાં પાછાં અપાવવા માટે કરવા હેતુ ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ માનનીય શ્રી જસ્ટિસ આર.એમ. લોઢાના અધ્યક્ષપદ હેઠળ સમિતિ (જેના માટે હવે પછી 'સમિતિ' શબ્દ વપરાશે)ની રચના કરી હતી.
3. સમિતિએ પોતાને સોંપાયેલી કામગીરી પાર પાડવાના હેતુસર પોતે મેળવેલાં નાણાંમાંથી પીએસીએલના રોકાણકારોને રિફંડ અપાવવાની પ્રક્રિયા શરૂ કરવાનો નિર્ણય લીધો છે. પ્રથમ તબક્કામાં, સમિતિએ પીએસીએલમાં રૂ. 2,500 સુધીનું રોકાણ કરી ચૂકેલા રોકાણકારો પાસેથી દાવા મંગાવવાનો નિર્ણય લીધો છે. અહીં ખુલાસો કરવામાં આવે છે કે દરેક દાવેદાર રોકાણકારને રૂ. 2,500 જ પાછા મળશે એવી કોઈ બાંયધરી આપવામાં આવતી નથી. સમિતિ પાસે ઉપલબ્ધ નાણાં અને તેને મળેલા દાવાની સંખ્યાના આધાર પ્રમાણ અનુસાર રિફંડ આપવામાં આવશે.
4. ઉપરોક્ત બાબતના સંદર્ભમાં, જે રોકાણકારો પીએસીએલમાં રૂ. 2,500 સુધીની (દરેક રોકાણકાર દીઠ) લેણી રકમ (મુદ્દલ) ધરાવે છે તેમને 562632 પર એસએમએસ મોકલીને અથવા વેબસાઇટ - http://sebicommitteepaclrefund.com/ પર અપલોડ કરીને નીચે પ્રમાણેની વિગતો પૂરી પાડવાનું જણાવવામાં આવે છે:
   - પીએસીએલના સર્ટિફિકેટમાં લખાયું છે એ પ્રમાણેનું રોકાણકારનું નામ,
   - દાવાની રકમ (રૂપિયામાં),
   - દાવેદારનો મોબાઇલ નંબર,
   - પીએસીએલ સ્કીમ પેમેન્ટ રજિસ્ટ્રેશન નંબર,
   - પીએસીએલના સર્ટિફિકેટની સ્કેન કૉપી,
   - આધાર/પૅન નંબર,
   - બૅન્ક અકાઉન્ટ નંબર અને આઇએફએસસી કોડ,
   - પીએસીએલે દાવેદાર રોકાણકારને જમીન ફાળવી છે કે કેમ તેની વિગત,
   - પૅન કાર્ડ/આધાર કાર્ડની સ્કેન કૉપી અને

- છેલ્લા ત્રણ વ્યવહારો દર્શાવતા નવીનતમ બેંક સ્ટેટમેન્ટની સ્કેન કોપી (અરજદાર એ વાતની તકેદારી લેવી કે અપલોડ કરાયેલા નવીનતમ બેંક સ્ટેટમેન્ટમાં નામ, સરનામું, બેંક અકાઉન્ટ નંબર અને આઇએફએસસી કોડ સ્પષ્ટ દેખાતાં હોય).

આ સંબંધે, રિફંડ માટે અરજી કરવા માટેની પ્રક્રિયા દર્શાવતો પ્રાત્યાક્ષિકરૂપી વિડિયો વેબસાઇટ - http://sebicommitteepaclrefund.com/ પર રાખવામાં આવ્યો છે, જે અરજી કરતાં પહેલાં જોઈ શકાશે. રોકાણકારો રિફંડ માટેની પોતપોતાની અરજી સંબંધેની સ્થિતિ જાણવા માટે <044-395-71985> પર ફોન કરી શકે છે.

5. રોકાણકારોને મુદ્દા ક્રમાંક 4 અનુસાર માગવામાં આવેલી વિગતો બીજી કોઈ રીતે નહિ, પણ જણાવ્યા પ્રમાણેની રીતે જ પૂરી પાડવાનું કહેવામાં આવે છે. રોકાણકારોને ખાસ તાકીદ કરવામાં આવે છે કે સમિતિની સ્પષ્ટ સૂચના વગર પીએસીએલ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટોની મૂળ પ્રત કોઈને પણ આપવી નહિ.
6. રિફંડ માટેની અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખ **28 ફેબ્રુઆરી 2018** છે.

XXXXXX